# અર્વાચીન અને વાસ્તવિક ફિલ્મો બનાવવી છે

## સલમાન માટે જો હું રિમેક બનાવું તો તેના લાખો ચાહકોને આઘાત લાગે એમ એ. આર. મુરુગદોસ કહે છે

દિગ્દર્શક એ.આર. મુરુગદોસની મહેશ બાબુ અભિનીત ફિલ્મ ‘સ્પાઈડર’તાજેતરમાં રિલીઝ થઈ હતી. ફિલ્મી દુનિયામાં એવી વાતો જોરશોરથી ચાલી રહી છે કે મુરુગદોસ સુપરસ્ટાર સલમાન ખાનને લઈને સ્પાઈડર ફિલ્મની રીમેક કરશે. એવું કહેવાય છે કે મુરગદોસે ભૂતકાળમાં પણ બોલીવૂડ સ્ટારને લઈને સાઉથની ફિલ્મોની રીમેક હિન્દીમાં બનાવી છે. મુરુગદોસનો જ્યારે આ ઉપરોક્ત વિષય માટે સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે શું કહ્યું તે પણ જાણવું રસપ્રદ છે.



સુપરસ્ટાર સલમાન ખાન આંધ્રપ્રદેશમાં પણ બહોળો ચાહકવર્ગ ધરાવે છે. હું સલમાન સાથે મૌલિક ફિલ્મ બનાવવાનું વધુ પસંદ કરું. સલમાન માટે જો રિમેક બનાવું તો તેના લાખો ચાહકોના દિલને મોટો આઘાત લાગે. એક સુપરસ્ટાર દ્વારા અભિનીત ફિલ્મના રિમેકમાં બીજો સુપરસ્ટાર કામ કરે તે વાસ્તવમાં ચાહકોને નિરાશ કરે. સ્પાઈડર એક થ્રીલર ફિલ્મ છે.જેમાં એક અસ્થિર મગજ ધરાવતો આતંકવાદી હૈદરાબાદમાં આતંક ફેલાવે છે. ફિલ્મ સ્પાઈડરમાં મહેશ બાબુ જાસૂસનો અભિનય કરે છે. ફિલ્મ તમિળ અને તેલુગુમાં રિલીઝ થઈ ગઈ છે. દર્શકો દ્વારા ફિલ્મને મિશ્ર અભિપ્રાય મળ્યો છે. દિગ્દર્શક મુરુગદોસજીનું માનવું છે કે સુપરસ્ટાર સાથે ફિલ્મ બનાવવી સરળ નથી. તે પછી તમિળમાં બનેલી સુરૈયા હોય કે હિન્દીમાં બનેલી આમિર હોય. ફિલ્મ સ્પાઈડર મહેશબાબુ અને વિજય જેવા સુપર સ્ટાર સાથે બનાવેલી છે. મારે બંને સુપરસ્ટારના ચાહકવર્ગને સંતોષ થાય તેનું ધ્યાન રાખવું જરૂરી છે. વળી મારી પણ એવી ઈચ્છા ખરી કે મારા દ્વારા બનાવેલી દરેક ફિલ્મને આગવી ઓળખ મળે. બાકી બનાવવા ખાતર ફિલ્મ બનાવવી મને પસંદ નથી.

**શું આપ ટૂંક સમયમાં આમિર ખાનને લઈને ફિલ્મ બનાવવાના છો?**

મુરુગદોસજીનું કહેવું છે કે અમે બંને તાજેતરમાં એક જ સ્ટુડિયોમાં કામ કરી રહ્યા હતા. હું આમિરને મળ્યો હતો. અમે બંનેએ એક ફિલ્મ સાથે કરવાનું નક્કી કર્યું હતું. આમિરને ધ્યાનમાં રાખીને નવી ફિલ્મની વાર્તા લખવાનું વિચારી રહ્યો છું. ફિલ્મની વાર્તા અમને બંનેને પસંદ પડશે ત્યારબાદ હું નિર્માણ કરવાનું વિચારીશ.

**બાહુબલી જેવી ફિલ્મ શા માટે બનાવવી આપને પસંદ નથી?**

તેના જવાબમાં મુરુગદોસનું માનવું છે કે બાહુહલીમાં દર્શાવેલા પ્રાચીન પોષાકમાં ફિલ્મ બનાવવી વાસ્તવમાં અઘરી છે. મારી પહેલી પસંદ અર્વાચિન અને વાસ્તવિક ફિલ્મો છે. ■

# ગાવા માટે સમય નથી મળતોઃ ફરહાન અખ્તર

## ફિલ્મમાં અભિનય, નિર્માણ અને દિગ્દર્શનમાં જ એટલો સમય જાય છે કે ગાવા માટે સમય નથી મળતો. રૉક ઓન ફિલ્મે મને ગાવાની સારી તક આપી



ફરહાન અખ્તર અત્યારે ફિલ્મોના નિર્માણ કરતા અભિનયમાં વધારે પ્રવૃત્ત છે. દિગ્દર્શન કરવું એ તેની ચાહત છે પણ અત્યારે તેને અભિનેતા તરીકે એક પછી એક ફિલ્મો મળતી જાય છે આથી તે દિગ્દર્શક તરીકે ફિલ્મ કરવાનું નામ નથી લેતો. આ ઉપરાંત તે ગાયક પણ છે પણ તેને ગાવાનો સમય નથી મળતો એમ તે કહે છે. બહુમુખી પ્રતિભા ધરાવતો ફરહાન અખ્તર અહીં રસપ્રદ ગુફ્તગૂ કરે છે.

*** હિન્દી ફિલ્મો કેવી બનવી જોઇએ?**

હું માનું છું કે ફિલ્મનો વિષય મહત્ત્વનો હોય છે. દર્શકો પણ એવું ઇચ્છે છે કે ફિલ્મમાં સારી વાર્તા હોય. ફિલ્મસર્જનમાં વાસ્તવમાં ઑડિયો-વિઝ્યુઅલ ફોર્મેટમાં સ્ટોરી ટેલિંગ હોય છે. દર્શકો ફિલ્મ જોવા નાણાં ખર્ચે છે. આથી તેમના પૈસા વસૂલ થાય તેવી ફિલ્મ હોવી જરૂરી છે. ફિલ્મની વાર્તા ભલે ભારતની હોય કે વિદેશની તે માનવસ્પર્શી અને સમજાય તેવી હોવી જોઇએ.

*** અભિનય, દિગ્દર્શન, સંગીતસર્જન અને ગાયન, વધુ શું ગમે?**

મને પહેલેથી સંગીત અને ગાવું વધારે ગમે છે. હું માનું છું કે ‘રૉક ઓન’ મારા માટે બેસ્ટ ફિલ્મ હતી, જેના કારણે મને વ્યવસાયિક રીતે ગાવાનું મળ્યું. તમારે જીવનમાં કંઇ સારું કરવું હોય તો તમારામાં શિસ્ત હોવી જોઇએ. પણ શિડ્યુલ મને મંજૂરી નથી આપતું કે હું આ ક્ષેત્રમાં આગળ વધી શકું. વિશ્વમાં કોઇપણ કામ કરવું સરળ નથી. મને દુઃખ થાય છે કે હું ગાઇ નથી શક્તો.

*** તારી આગામી દિગ્દર્શિત ફિલ્મ?**

મને લાગશે કે હવે મારે ફિલ્મ ડિરેક્ટ કરવી છે ત્યારે કરીશ. અત્યારે મારા મનમાં કોઇ સ્ક્રીપ્ટ નથી.

*** કમર્શિયલ સિનેમા વિશે તું શું કહે છે?**

મુખ્યપ્રવાહની સિનેમાની વ્યાખ્યા હવે બદલાઇ ગઇ છે. વર્ષોથી કમર્શિયલ સિનેમા વિશે જે કહેવાતું હતું તે હવે બદલાઇ ગયું છે. કોઇ વાત સતત રહેતી નથી. સામાજિક વાતાવરણ, રાષ્ટ્રનો મૂડ, લોકોનો મૂડ વગેરે જેવા ઘણા સ્રોતો આવી વસ્તુના બદલાવમાં ભાગ ભજવે છે. એક જ વસ્તુની વ્યાખ્યા સમયાંતરે બદલાતી રહે છે. હવે લોકો એવું વિચારે છે કે સારી અને ખરાબ ફિલ્મ હોય.

*** દર્શકોને કેવા પ્રકારની ફિલ્મો ગમે છે?**

ફિલ્મસર્જક ક્યારેય કહી શકે નહીં કે દર્શકોને કેવા પ્રકારની ફિલ્મો ગમે છે અને તે શક્ય પણ નથી કે તેમના ટેસ્ટની ફિલ્મો જ સર્જકો બનાવે. એવું જો હોત તો કોઇ ફિલ્મ ફ્લોપ જાત જ નહીં. દર્શકોની કોઇ ખાસ માગ નથી હોતી, પણ ફિલ્મસર્જકે પોતાની કલ્પનાથી ફિલ્મ બનાવવી પડે છે એ વિચારીને કે દર્શકોને તે ગમશે. છેલ્લા કેટલાક વર્ષોમાં કઇ ફિલ્મ સફળ થઇ અને કઇ ફ્લોપ થઇ તે જોઇને સર્જકોને ખબર પડી જાય કે હવે કેવી ફિલ્મો બનાવવી જોઇએ. તમે જો વિચારો કે આવી ફિલ્મ ચાલે છે અને હું તેવી બનાવું તો તમે નિષ્ફળ જાઓ. આથી તમારે દિલ અને દિમાગ વાપરીને ફિલ્મ બનાવવી જોઇએ.

***વિતરકોને અભિનેતાનું રીફન્ડ.**

હું ચોક્કસપણે માનું છું કે ફિલ્મ નિષ્ફળ જતા વિતરકોને જે નુકશાન થાય છે તેની ભરપાઇ અભિનેતા કરે તો તે બહુ સારી વાત કહેવાય. તમારે અહીં એક જ ફિલ્મમાં કામ કરવાનું નથી હોતું. તમારે લાંબા સમયના સંબંધો બનાવવા પડે છે. વિતરકો જ્યારે નાણાં કમાય છે તો તે તમારા માટે સારી વાત બને છે.

*** બૉક્સઓફિસ પરની નિષ્ફળતા.**

તમે જે ફિલ્મ કરો છો તે દરેક ફિલ્મમાંથી કંઇક શીખો છો. કદાચ તે ફિલ્મ દર્શકોને ન પણ ગમે. તમને તે સમજતા વાર લાગે કે દર્શકોને કેવી ફિલ્મ ગમે છે. સામાન્ય રીતે ફિલ્મ રજૂ થાય છે અને જો તે નિષ્ફળ જાય તો તમને તે સમયે ખબર નથી પડતી કે કઇ વસ્તુને કારણે ફિલ્મને સારો પ્રતિસાદ નથી મળ્યો? તમારે તે ફિલ્મ ફરી જોવાની જરૂર નથી પડતી. પણ તમને લોકોની વાતચીતમાંથી ખબર પડે છે કે ફિલ્મમાં તેમને શું નથી ગમ્યું? તે પછી તમને કંઇક અંદાજો આવે છે. જોકે, તેનાથી તમારી બીજી ફિલ્મને અસર નથી થતી, કારણ કે તમે રોમાંચિત હોવ છો તમારી બીજી ફિલ્મ બનાવવા માટે. ■

## શબ્દલાલિત્ય કાન્તા વોરા

### આડી ચાવી

૧. --- ઘડો છલકાય (૩)
૩. સંપત્તિ (૩)
૫. ખોબો (૨)
૭. બગલો (૨)
૯. કીર્તિ (૨)
૧૧. મન હરી લે તેવું સુંદર (૪)
૧૨. ગરીબ, રંક (૨)
૧૪. સ્વાર્થ રહિત (૩)
૧૭. ચડતા લોહીનું, જુવાન (૫)
૧૮. રાજાની એક ન ગમતી રાણી (૫)
૨૦. ચિંતન (૩)
૨૨. દોલત, નાણું (૨)
૨૪. સાથ, સંગાથ (૪)
૨૫. ધૂર્ત, લુચ્ચું (૨)
૨૭. અબી બોલા અબી --- (૨)
૨૯. અસ્થિર (૨)
૩૧. શુભ પ્રસંગે બનાવાતી એક મીઠી વાનગી (૩)
૩૨. જાન હૈ તો --- હૈ (૩)

### ઊભી ચાવી

૧. પૂજ્યા વગરનું (૩)
૨. નાનો છોડ (૨)
૩. મ્યુઝિયમ (૫)
૪. અંકુશ, હડપ (૨)
૬. શક્તિમાન, બળવાન (૩)
૮. ક્યારે (૨)
૧૦. એક ગ્રહ (૨)
૧૩. મા વગરનું (૩)
૧૫. સ્વમાન (૪)
૧૬. બાળકોનો બગીચો (૪)
૧૮. અણસમજુ, મૂર્ખ (૩)
૧૯. તીર્થસ્થાનમાં રહેનારું (૫)
૨૦. વળાંક (૩)
૨૧. આંગળીથી --- વેગળા (૨)
૨૩. લાભ, ફાયદો (૨)
૨૬. વિવાહ (૩)
૨૮. હુન્નર, ઉદ્યોગ (૨)
૩૦. હાથી (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | | |
| | | ૫ | ૬ | | | | ૭ | ૮ | |
| ૯ | ૧૦ | | ૧૧ | | | | | ૧૨ | ૧૩ |
| | ૧૪ | ૧૫ | | | | | ૧૬ | | |
| | | | | | ૧૭ | | | | |
| ૧૮ | | | | ૧૯ | | | | | |
| | | | | | | ૨૦ | | ૨૧ | |
| ૨૨ | ૨૩ | | ૨૪ | | | | | ૨૫ | ૨૬ |
| | ૨૭ | ૨૮ | | | | ૨૯ | ૩૦ | | |
| | | ૩૧ | | | | | ૩૨ | | |

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સં | વે | ૨ દ | ના | | ૩ આ | ક્રો | ૪ શ | | ૫ સ |
| પ | | શ | | ૬ વં | ઘ | | તા | | ર્વ |
| | | ૭ ર | હી | શ | | ૮ વા | યુ | ૯ પુ | ત્ર |
| ૧૦ ગ | ર | થ | | | ૧૧ મે | ઘ | | રાં | |
| ર | | | ૧૨ વે | ઠ | | | ૧૩ વ | ત | ૧૪ ન |
| ૧૫ મ | ૧૬ ની | ષા | | | ૧૭ વે | શ | | | ખો |
| | રો | | ૧૮ સા | ચ | | | ૧૯ જ | લ્લા | દ |
| ૨૦ અં | ગી | ૨૧ કા | ર | | ૨૨ સં | તા | પ | | |
| ઘા | | બે | | ૨૩ પ | ગ | | મા | | ૨૪ સ |
| રું | | ૨૫ લ | ગી | ર | | ૨૬ જ્વા | ળા | મુ | ખી |

## સુડોકુ-૩૧૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | ૮ | ૬ | ૨ | | | ૫ | |
| ૫ | | ૬ | | | ૯ | | | |
| ૨ | | | | | | | | |
| | ૧ | | | | | ૮ | | |
| ૪ | ૮ | | ૯ | | ૬ | | ૭ | ૨ |
| | | ૭ | | | | | ૯ | |
| | | | | | | | | ૭ |
| | | | ૩ | | | ૫ | | ૯ |
| | ૭ | | | ૮ | ૫ | ૧ | | ૩ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૨ | ૭ | ૩ | ૪ | ૬ | ૮ | ૯ |
| ૯ | ૪ | ૬ | ૫ | ૮ | ૧ | ૭ | ૩ | ૨ |
| ૩ | ૮ | ૭ | ૬ | ૯ | ૨ | ૪ | ૫ | ૧ |
| ૪ | ૩ | ૮ | ૨ | ૬ | ૭ | ૯ | ૧ | ૫ |
| ૬ | ૯ | ૧ | ૮ | ૫ | ૩ | ૨ | ૭ | ૪ |
| ૨ | ૭ | ૫ | ૪ | ૧ | ૯ | ૩ | ૬ | ૮ |
| ૮ | ૬ | ૩ | ૯ | ૪ | ૫ | ૧ | ૨ | ૭ |
| ૫ | ૨ | ૪ | ૧ | ૭ | ૬ | ૮ | ૯ | ૩ |
| ૭ | ૧ | ૯ | ૩ | ૨ | ૮ | ૫ | ૪ | ૬ |

### સુડોકુ-૩૧૯૪

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.

૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## MANDRAKE THE MAGICIAN




**જાદુગર મેન્ડ્રેકઃ** ૧) મેન્ડ્રેકઃ ફ્લેશલાઈટ કામ કરતી નથી! નાર્ડાઃ ... પણ મેં એમાં નવી બૅટરી નાખી છે! ૨) નાર્ડાઃ મને કશુંય દેખાતું નથી! મેન્ડ્રેકઃ ફિકર ન કર! પળવારમાં લોથાર અહીં આવી જશે!! ૩) લોથાર નિશ્ચેત પડેલો છે.

## MUTT & JEFF BY BUD FISHER




**મટ અને જેફઃ** ૧) સુંદર યુવતીઃ પણ તું તો સંબંધમાં હતો ને, જેફ! શું તેં સંબંધ તોડી નાખ્યો? જેફઃ ના, બરાબર એવું નથી, મીઠડી! ૨) યુવતીઃ છોકરીએ તોડ્યો? જેફઃ અં... અં..મ ના! ૩) યુવતીઃ તો પછી, શું બન્યું હતું? જેફ (થોથવાતાં): જોને, અંહ.. સમજ જરા, એણે મને એનાં વસ્ત્રોનો ખર્ચ કહ્યો અને મેં એને મારો પગાર એ કેટલો છે જણાવ્યું. પછી અમારું સગપણ કંઈક મરવા પડ્યું અને પછી ખતમ થઈ ગયું! ૪) જેફઃ અંહ, પણ આપણી સાથે તો સાવ જુદી જ વાત છે, અં, મીઠુ? આપણી વચ્ચે તો પ્રેમ છે, નાણાં નહીં! સુંદર યુવતી જેફનો કોટ અને હેટ લાવીને એને પરત કરે છે. (જેફ સમજી શકતો નથી).